| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૬/૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૦૬/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૪ /૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૧૨ |

**માંડલના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુંડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ શ્રી એચ.આર.પટેલ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા. માંડલ, જી. અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૪૪૭/૨૦૨૪**

**વિઠલાપુર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૯૨૦૦૫૨૩૦૧૦૫/૨૦૨૩**

**ફોર્મ–એ**

**આંક – ૧૮**

| | |
|---|---|
| ફરિયાદી: | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે: | વિદ્વાન એ.પી.પી.શ્રી બી.આર.રાવલ. |
| આરોપી: | શ્રીરામ ભેરારામ બિશ્નોઇ<br>રહે. લુણવા, ડેડાવાસ, (ચારણાન), તા. ગુડામાલાણી, જી. બાડમેર, રાજસ્થાન. |
| આરોપી તરફે: | એ. જી. કછોટ |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૩ |

| | |
|---|---|
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૨૧/૦૭/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૮/૦૬/૨૦૨૪ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૦૧/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૯/૦૪/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |

**-::આરોપીની વિગત::-**

| **આરોપીનો અનુક્રમ નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકિતની તારીખ** | **તહોમત** | **શું નિદોર્ષ છોડયા / સજા કરી** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મજુબ** |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | શ્રીરામ ભેરારામ બિશ્નોઇ | ૧૩/૦૬/૨૦૨૪ | ૦૩/૦૭/૨૦૨૪ | ધી પ્રોહી કલમ- ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨), ૮૧ તથા ઈપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબ | નિદોર્ષ | - | - |

## <u>ફોર્મ –સી</u>

## <u>–::સાહેદોનું લિસ્ટ::–</u>

**<u>અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો:</u>**

| Name | Nature of Evidence(Eye Witness, Police Witnesses, Expert Witness, MedicalWitnesses, Panch Witnesses,Other Witnesses) |
|---|---|
| વિષ્ણુભાઇ ગફુરભાઇ (આંક–૧૩) | ફરિયાદી |
| વેલુભા વાલસિંહ (આંક–૧૦) | પંચ સાહેદ |
| કે. આઇ. જાડેડા (આંક–૧૫) | ત.ક.અમલદાર |

## <u>–::દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ::–</u>

**<u>અ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજ:</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરિયાદ |
| ૨ | ૧૬ | પંચનામું |

## <u>JUDGMENT</u>

(૧) **ફરિયાદપક્ષ ની ટુંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી:** આ કામના આરોપીએ ગઈ તા. ૨૧/૦૭/૨૦૨૩ ના કલાક ૧૦/૧૫ વાગ્યે મોજે હાંસલપુર સીતાપુર હાઈવે રોડ સીતાપુર નજીક રોડ ઉપર આવેલ પરાગભાઇ પટેલ રહે. સીતાપુર વાળાના આર.એમ.સી પ્લાન્ટની બાજુમા કાચા રસ્તે પોતાના કબ્જા ભોગવટાવાળી ઈનોવા ગાડી નં. ડીએલ ૦૪ સીએન ઇ ૩૨૭૨ મા ભારતીય બનાવટનો પર પ્રાંતીય વિદેશી દારૂની કાચની બોટલ (ક્વાટર) નંગ ૨૪૦

તથા અલગ અલગ બ્રાન્ડના બીયર ટીન ૨૩૯ ની કુલ કી રૂ. ૪૭,૯૦૦/– તથા એક એન્ડ્રોઈડ ફોન કી રૂ. ૫૦૦૦/– તથા ઈનોવા ગાડી કી રૂ ૪૦૦૦૦૦/– ની ગણી કુલ કી રૂ. ૪૫૨૯૦૦/– નો મુદ્દામાલ ભરી સદર ગાડીને નંબર જીજે ૦૮ બીએસ ૩૦૭૨ ની લગાવી તથા સાચી નંબર પ્લેટનો ઉપયોગ સાચા તરીકે કરી સદર ગાડીને દારૂની હેરાફેરીમા ઉપયોગ કરી ગાડી તથા મુદ્દામાલ મુકી નાશી જઈ ધી પ્રોહી કલમ– ૬૫ એઈ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા ઈપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબનો ગુનો કરેલ હોય તે કલમની ફરિયાદ આ કામના ફરિયાદીએ હાંસલપુર પો.સ્ટે. ખાતે આપતા સદર આરોપી વિરૂધ્ધ વિઠલાપુર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૯૨૦૦૫૨૩૦૧૦૫/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદમાં જણાવેલ ગુનો રજીસ્ટર્ડ થતાં ગુનાની તપાસ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ, ઉપરોકત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ.

**(૨) ગુનાનુ સંજ્ઞાન તથા તહોમતનામું**:– આ કામે આરોપી વિરુદ્ધ પ્રોહી કલમ– ૬૫ એઈ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા ઈપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબના ગુના અંગે સંજ્ઞાન લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપી ન્યાયલય સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ **આંક–૦૫** થી આરોપી વિરુદ્ધ તહોમતનામું ફરમાવી, **આંક–૦૬** થી આરોપીનો ગુનાની કબૂલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબૂલ કરવાનો ઈનકાર કરતા આરોપી વિરુદ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો**: આ કામે ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોક્ત જણાવેલ મૌખિક તથા પુરાવો રજૂ કરેલ છે.

**(૪) વિશેષ નિવેદન:** સદર કામે ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩, ની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન આરોપીએ આપવું ના હોય તે અંગેની આંક–૧૭ થી પુરસીસ રેકર્ડ ઉપર રજૂ કરેલ છે.

**(૫) દલીલો:** ફરિયાદપક્ષ તરફે વિ.વ.એ.પી.પીશ્રી તથા આરોપી ના વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ફરિયાદપક્ષે આરોપીને સખ્ત સજા કરવા અરજ કરેલ તથા આરોપીના વિ.વ.શ્રી એ આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ છોડી મૂકવા અરજ કરેલ છે.

**(૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય:** સદર કામે રજૂ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | ન્યાયિક નિર્ણય |
|---|---|---|
| ૧) | શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૧/૦૭/૨૦૨૩ ના કલાક ૧૦/૧૫ વાગ્યે મોજે હાંસલપુર સીતાપુર હાઇવે રોડ સીતાપુર નજીક રોડ ઉપર આવેલ પરાગભાઇ પટેલ રહે. સીતાપુર વાળાના આર.એમ.સી પ્લાન્ટની બાજુમા કાચા રસ્તે પોતાના કબ્જા ભોગવટાવાળી ઇનોવા ગાડી નં. ડીએલ ૦૪ સીએન ઇ ૩૨૭૨ મા ભારતીય બનાવટનો પર પ્રાંતીય વિદેશી દારૂની કાચની બોટલ (ક્વાટર) નંગ ૨૪૦ તથા અલગ અલગ બ્રાન્ડના બીયર ટીન ૨૩૯ ની કુલ કી રૂ. ૪૭,૯૦૦/- તથા એક એન્ડ્રોઇડ ફોન કી રૂ. ૫૦૦૦/- તથા ઇનોવા ગાડી કી રૂ ૪૦૦૦૦૦/- ની ગણી કુલ કી રૂ. ૪૫૨૯૦૦/- નો મુદ્દામાલ ભરી સદર ગાડીને નંબર જીજે ૦૮ બીએસ ૩૦૭૨ ની લગાવી તથા સાચી નંબર પ્લેટનો ઉપયોગ સાચા તરીકે કરી સદર ગાડીને દારૂની હેરાફેરીમા ઉપયોગ કરી ગાડી તથા મુદ્દામાલ મુકી નાશી જઇ ધી પ્રોહી કલમ-૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા ઇપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? | **નકારમાં** |
| ૨) | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

**(૭) નિર્ણય માટેના કારણો: મુદ્દા ન ૧ અને ૨:**

**(૭.૧)** આ કામે આરોપી સામે નો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્ર નો મૂળભૂત સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદ પક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષ ના સકારાત્મક પુરાવા થી શંકા થી પર સાબિત કરવું જોઈએ.

**(૭.૨)** આ કામે **પંચ વેલુભા વાલસીંહ સોલંકીને આંક–૧૦** થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની ની સોગંદ પર ની જુબાની માં **આંક–૧૦ એ** વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ તેઓએ તેમની જુબાનીમાં પંચનામાની હકીકત નો લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ની વિનંતી થી સાહેદ ને ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૧૫૪ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર લઈ આવી શકેલ નથી. વધુમાં સદરહુ સાહેદોએ તેઓની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓ પંચનામા વિષે ક્સુ જાણતા નથી અને તેઓએ માત્ર તૈયાર લખાણ પર સહી કરેલી તે સિવાય બીજું કઈ જાણતા નથી.

**(૭.૩)** આ કામે આરોપીઓ વિરુદ્ધ નું તહોમત નિઃશંકપણે પુરવાર કરવા ફરિયાદપક્ષ તરફથી **આંક–૧૩ થી ફરિયાદી વિષ્ણુભાઇ ગકુરભાઇને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ પર ની જુબાની માં ફરિયાદ મુજબ ની હકીકતનો સમર્થન આપે છે અને ફરિયાદ માં તેમની સહી ઓળખી બતાવે છે જે **આંક– ૧૪** થી રજૂ છે. પરંતુ ઉલટ તપાસ માં તેઓએ એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, રેડ વાળી જગ્યા જાહેર જગ્યા છે, આરોપી રેડ વાળી જગ્યાએથી મળી આવેલ નહીં, પોલીસ સ્ટેશન થી કેટલા વાગે નીકળ્યા તથા રેડવાળી જગ્યા એ કેટલા વાગે પહોંચ્યા તેવો કોઈ ચોક્કસ સમય ફરીયાદ માં જણાવેલ નહી.

**(૭.૪)**આ કામે **ત.ક.અ.શ્રી કે. આઇ. જાડેડા આંક–૧૫** થી તપાસવામાં આવેલ છે તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષ ની હકીકત ને સમર્થન કરેલ છે. ત.ક.અ.શ્રી એ તેમની ઉલટ તપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, રેડ વાળી જગ્યા જાહેર જગ્યા છે, આરોપી રેડ વાળી જગ્યાએથી મળી આવેલ નહીં, પોલીસ સ્ટેશન થી કેટલા વાગે નીકળ્યા તથા રેડવાળી જગ્યા એ કેટલા વાગે પહોંચ્યા તેવો કોઈ ચોક્કસ સમય ફરીયાદ માં જણાવેલ નહી.

**(૭.૫)** આ કામે આરોપી સામે પ્રોહી કલમ– ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા ઇપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબ ના ગુના નું તહોમત છે તેથી કલમ ૬૫(એ)(ઈ) ને વંચાણે લેવી જરૂરી છે.

> ***૬૫ :– જે કોઈ વ્યક્તિ, ગુજરાત નશાબંધી અધિનિયમની જોગવાઈઓનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ, વિનિમય અથવા હુકમનું અથવા તે મુજબ આપેલા કોઈ લાઇસન્સ, પાસ, પરમીટ અથવા અધિકારપત્રનું ઉલ્લંગન કરીને –***
>
> ***એ :– જો કોઈ વ્યક્તિ (અફીણ સિવાય નો બીજો) કોઈ કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજાની આયાત કરે અથવા નિકાસ કરે,***

**ઈ :– જો કોઈ વ્યક્તિ (અફીણ સિવાય નો બીજો) કોઈ કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો પોતાના કબજામાં રાખે, તેની હેરફેર કરે, વેંચે અથવા ખરીદે, તો તે આ કલમ હેઠળ ગુના ને પાત્ર બને,**

ઉપરોક્ત કલમ વંચાણે લેવામા આવે તો સદરહુ કેસ આરોપી ના કબ્જા માંથી કોઈ કેફી પદાર્થ મળે, અથવા તેની હેરફેર કરવા વેચવા અથવા ખરીદવા પર આધારિત છે.

વધુમાં આ કામે આરોપી વિરુધ્ધ ઇ.પી.કો કલમ ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબના ગુનાઓના આક્ષેપ છે. સદર રેકર્ડ ઉપર આવેલ હકીકતો મુજબ કોઈપણ સાહેદે કે ફરીયાદીએ આ કામના આરોપીઓએ સદર નંબર ડુપ્લીકેટ બનાવીને તે નંબર પ્લેટને સાચા તરીકે ઉપયોગમા લીધેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે આરટીઓના કોઈ અધિકારીને તપાસવામા આવેલ નથી કે તેઓનુ કોઈ નીવેદન પણ લેવામાં આવેલ નથી. સરકારી કર્મચારી કે અધિકારીને સાહેદ તરીકે તપાસવામાં આવેલ હોય તો તે ફરીયાદ પક્ષને સમર્થન આપતા નથી. ઈ.પી.કો.કલમ ૪૬૫, ૪૭૧ મુજબના ગુના સાબીત કરવા માટે નીચેની હકીકત પુરવાર કરવી પડે.

**ઈ.પી.કો. કલમ ૪૬૫** એ કોઈ વ્યકિત ખોટો દસ્તાવેજ બનાવે તો તેના માટે ૨ વર્ષ સુધીની કોઈપણ પ્રકારની સજા અથવા દંડ અથવા બંન્ને પ્રકારની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ ખોટો દસ્તાવેજ એટલે શું તેનુ અર્થઘટન કરતી જોગવાઈ ઈ.પી.કો.કલમ ૪૬૪ માં આપવામાં આવેલ છે. આ જોગવાઈમાં જણાવ્યા મુજબના તત્વો ફરીયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને ઈ.પી.કો.કલમ ૪૬૫ ના ગુના માટે જવાબદાર ઠરાવી શકાય નહી.

**ઈ.પી.કો.કલમ ૪૬૪:– ખોટો દસ્તાવેજ બનાવવો.**

જે વ્યકિત, કોઈપણ દસ્તાવેજ અથવા કોઈપણનો ભાગ, ઈલેકટ્રોનીક રેકર્ડ અથવા (ઈલેકટ્રોનિક સહી) જે વ્યકિત એ અથવા તે વ્યકિતઓના અધિકારથી બનાવ્યો નથી, તેના ઉપર સહી કરી નથી, અથવા (ઈલેકટ્રોનિક સહી) કરી નથી, એવુ પોતે જાણતી હોય તે વ્યકિતએ અથવા તે વ્યકિત ના અધિકારથી તે બનાવ્યો છે, તેના ઉપર સહી કરી છે, તેના

ઉપર સિકકો કર્યો છે, તે કરી આપ્યો છે અથવા ચોંટાડી હતી એમ માનવાના ઈરાદાથી બદદાનતથી અથવા કપટથી–

(ક) તે દસ્તાવેજ અથવા તેનો ભાગ બનાવે, તેમાં સહી કરે, તેના ઉપર સિકકો મારે, અથવા કરી આપે,

(ખ) કોઈપણ ઈલેકટ્રોનિક રેકર્ડ અથવા ઈલેકટ્રોનિક રેકર્ડ ના કોઈપણ ભાગ બનાવે અથવા મોકલે:

(ગ) કોઈપણ ઈલેકટ્રોનિક રેકર્ડ (ઈલેકટ્રોનિક સહી)લગાડે:

(ઘ) દસ્તાવેજ કરી આપવાની અથવા (ઈલેકટ્રોનિક સહી)ની અધિકૃતિ દર્શાવતી કોઈ નિશાની કરે:

અથવા

બીજુ જે વ્યકિત, પોતે, અથવા અન્ય કોઈપણ વ્યકિતએ કોઈ દસ્તાવેજ અથવા ઈલ ેકટ્રોનિક રેકર્ડ બનાવ્યા પછી, તે કરી આપ્યા પછી અથવા ડીજીટલ સહી કર્યા બાદ, કાયદેસર મળેલા અધિકાર વિના બદઈરાદાથી અથવા કપટપુર્વક રદ કરીને અથવા બીજી રીતે તે દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનિક રેકર્ડના મહત્વના ભાગમાં ફેરફાર કરે, પછી ભલે આ રીતે ફેરફાર કરવામાં આવે ત્યારે તે વ્યકિત હયાત હોય અથવા ન હોય,

અથવા

ત્રીજુ કોઈ વ્યકિત મગજની અસ્થિરતાને કારણે અથવા નશામાં હોવાના કારણે દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનિક રેકર્ડનો મજકુર શો છે અથવા તેમાં કેવા પ્રકારનો ફેરફાર થયો છે તે જાણી શકે તેમ નથી અથવા તે વ્યકિતની સાથે છેતરપીંડી થઈ હોવાના કારણે જાણતી નથી એવુ જાણવા છતાં તેની પાસે બદદાનતથી અથવા કપટપુર્વક આવી વ્યકિતને દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનિક રેકર્ડ કરાવે, સિકકો કરાવે, તે દસ્તાવેજ અથવા ઈલ ેકટ્રોનિક રેકર્ડ કરાવી લે, અથવા તેમાં ફેરફાર કરાવે, તેણે ખોટો દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનિક રેકર્ડ બનાવ્યુ હોવાનુ કહેવાય.

વધુમાં આ કામે આરોપીના વિ.વ.શ્રી.ની નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદા, હિં મતલાલ મોહનલાલ શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૦(૩)જી.એલ.આર. પાનાનં ૧૨૧ માં ઠરાવવામાંઆવેલ સિધ્ધાંત ઉપર આધાર રાખીને રજુઆત છે કે ૪૬૭,૪૭૧ ની કલમ મુજબના ગુના માટે ઈ.પી.કો. કલમ ૪૬૪ નો ગુનો એ પુર્વવતી શરત છે. જો. ઈ.પી.કો.કલમ ૪૬૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર ન કરવામાં આવે તો ઈ.પી.કો.કલમ ૪૭૧ મુજબના ગુના બનેલ છે તેમ ગણી શકાય નહી.

આ દલીલના અનુસંધાને આ ચુકાદો વાંચતા,નામદાર હાઈકોર્ટે વધુમાં નોંધેલ છે કે–

> To fall under first category of 'false document', it is not sufficient that a document has been made or executed dishonestly or fraudulently. There is a further requirement that it should have been made with the intention of causing it to be believed that such document was or made or executed by, or by the authority of a person, by who or by whose authority he knows that it was made or executed. When a document is executed by a person claiming a property which is not his, he is not claiming that he is some one else nor he is claiming that he is authorized by some one else. Therefore, execution of such document (purporting to covey some property of which he is not owner)is not execution of a false document as defined under section 464 of IPC. If what is executed is not a false document there is no forgery. para-4

આ અવલોકન આ અદાલતને કાયદાની રૂએ બંધનકર્તા છે અને આ કેસને પણ યર્થાથ રીતે લાગુ પડે છે. આમ, આરોપીઓની સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ના હોય, આરોપીની સામે આક્ષેપાયેલ ઇ.પી.કો કલમ ૪૬૫, ૪૬૮, ૪૭૧ ગુના મુજબની હકીકતો પુરવાર થતી ના હોય, તેમજ પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(ઈ), ૧૧૬ બી, ૯ ૮(૨),૮૧ અને ૮૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે

પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.(૧) નો નિર્ણય  તે રીતે નકારમાં આપવામા આવે છે અને મુદ્દા નં.(૨)  અંગે ન્યાયના  વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**(૭.૬)** આ કામે રજૂ થયેલ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષે જે ગાડીમાંથી મુદામાલ મળી આવેલ છે તે ગાડી બાબતે આરોપીની માલિકીની હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રેકર્ડ પર રજૂ કરેલ નથી. તેથી આરોપીનો મુદ્દામાલ સાથેનો સભાન કબ્જો સાબિત થતો નથી તથા આ કામે તપાસવામાં આવેલ સાક્ષી પણ તેઓની જુબાનીમાં સ્વીકાર કરેલ છે કે આરોપી બનાવવાળી જગ્યાએ હાજર ન હતા અને તેમને નાસતા ભાગતા જોયેલ નથી. વધુમાં, ફરિયાદમાં પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદપક્ષ ના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે પરંતુ પંચ સાહેદોએ પંચનામાની હકીકત ને સમર્થન કરતો પુરાવો આપેલ નથી તથા આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષના કેસ ની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનુ પ્રથમ દર્શનીય ફલીત થાય છે તેથી પ્રોહિબીશન ના ગુના ના કામે અગત્યના સાહેદ કે જેનાથી પંચનામું સાબિત થઈ શકે તેવો કોઈ સચોટ પુરાવો લાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. તેમજ પંચાનમુ જો પુરવાર થઈ શકતું ન હોય તો તેવા સંજોગો માં મુદ્દામાલ ની રિકવરી પણ પુરવાર થઈ શકે નહિ.

આ સંદર્ભે નામ. ગુજરાત ઉચ્ચ અદાલત ના ચુકાદા **સ્ટેટ ઓફ ગુજરાત વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી**[1] ના **પેરા ૭** માં જણાવેલ છે કે,

> *“ The real principle is that where the presence of panchas is obligatory at the time of search the evidence of police officer conducting search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on uncorroborated testimony of police officer who conducted search.*”

સદરહુ ચુકાદા ને ધ્યાને લેવામા આવે તો તપાસ કરનાર અમલદાર તેઓની જુબાની માં પંચનામા ને પૂર્ણ સમર્થન આપે તો પણ પંચોનું પંચનામાને સમર્થન આપવું અનિવાર્ય છે. જો

1 **૧૯૬૦ (૦) એ.આઇ.જે.ઇ.એલ.–એચ.સી. ૨૧૨૩૪૬**

પંચનામુ પુરવાર ન થાય તો ફરિયાદપક્ષ તેઓના રિકવરી પર નિર્ભર કેસ આરોપી સામે પુરવાર કરી શકશે નહિ અને તેમજ તેના પર આધાર રાખી આરોપીને દોશી ઠરાવી શકાશે નહિ.

**(૭.૭)** વધુમાં આ કામે કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટ નો ઇંગલિશ દારૂ ગુજરાત નશાબંધી (દારૂના નમૂના અને જાણ કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા બાબત ના) નિયમો, ૨૦૧૨ મુજબ જે નિયમ ૩(૧)(ખ) માં જાણવામાં આવેલ છે તે મુજબ સેમ્પલ લેવામા આવેલ હોય તેવું જણાય આવતું નથી. આ સેમ્પલ બે પંચો ની હાજરી માં લેવાનુ હોય છે. પરંતુ જો પંચો જ પંચનામા ની  હકીકત ને સમર્થન કરતાં ન હોય તો સિલીંગ અને એફ.એસ.એલ. માં મોકલવાની પ્રક્રિયા શંકાસ્પદ બની જાય છે. આ કામે કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટ નો ઇંગલિશ દારૂ છે, તે માટે ત.ક.અ શ્રી એ કોઈ સચોટ પુરાવો રજૂ કરેલ નથી તેમજ ત.ક.અ શ્રી દ્વારા સદર કબ્જે કરેલ મુદ્દામાલ અંગે કોઈ એફ.એસ.એલ રિપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી. તેઓ તેમના પુરાવા માં કબ્જે કરેલ મુદ્દામાલ ની બોટલો સીલ બંધ હતી કે કેમ અને તેના પર ના લેબલ ઓરિજીનલ હતા કે નહિ તે અંગે ની પણ કોઈ કાર્યવાહી કરેલ હોવાની કોઈ હકીકત જણાવતા નથી. તેથી કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટ ની ઇંગલિશ દારૂ હોવાનુ અનુમાન કરી શકાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ કામે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં સદર ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ ભારતીય બનાવટ નો ઇંગલિશ દારૂ આરોપી પાસેથી જ કબ્જે કરવામાં આવેલ હતો તે માટે ફરિયાદપક્ષનો પુરાવો માની શકાય અને સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ તથા મુદ્દામાલ સીલ કરવાની તથા પૃથકરણ માટે મોકલવામાં આવેલ હોવાની કાર્યવાહી પુરવાર કરવી જોઈએ. પરંતુ સદરહુ કેસ માં રજૂ પુરાવાને જોતા તેમાં મુદ્દામાલ દારૂ મળ્યા બાદ કરવામાં આવેલ પંચનામાની અને સિલીંગની કાર્યવાહી બાબતે શંકાસ્પદ પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેમજ આ કામના સાહેદ પોલીસ વિભાગના અધિકારી હોય અને તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહિ એવા સંજોગોમાં મુદ્દા નં ૧ નું તથ્ય નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદમાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં ૧ નકારાત્મક ઠરાવી મુદ્દા નં ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>–::આખરી હુકમ::–</u>**

**(૧)** આ કામના આરોપી શ્રીરામ ભેરારામ બિશ્નોઇ, રહે. લુણવા, ડેડાવાસ, (ચારણાન), તા. ગુડામાલાણી, જી. બાડમેર, રાજસ્થાન.નાઓને ધી પ્રોહી કલમ– ૬૫ એઇ,

૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા ઈપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબ મુજબના ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે પ્રોહિબીશન મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા મોબાઇલ ફોન તથા ગાડી અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે આથી કાયમ કરવામા આવે છે અન્યથા પોલીસ અધીકારીએ માલીકી અંગેની ખરાઈ કરી મુદ્દામાલ ખરા માલીકને પરત સોંપવો.

**(૩)** આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) અન્વયે, અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ કે, રિવિઝનના કામે છ માસ સુધીના રૂપિયા ૫૦૦૦/− (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા ) ના સધ્ધર જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૦ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**સ્થળ: માંડલ**

**તા. ૧૦/૦૪/૨૦૨૬**

**(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)**
**જે.એમ.એફ.સી, માંડલ. અમદાવાદ (ગ્રામ્ય)**
**Judge Code: GJ**01731